Letter No: ED/0754/10/2023 Dt: 27-10-2023

ક્રમાંક: ED/MIS/e-file/3/2023/3908/L
શિક્ષણ વિભાગ,
બ્લોક નં.૫/૭, સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર
તા.

પ્રતિ,

નિયામકશ્રી,

કમિશનર શાળાઓની કચેરી,

બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

વિષય: સેવા જોડાણ અંગેની દરખાસ્ત અન્વયે કેમ્પનું આયોજન કરવા બાબત.
સંદર્ભ: આપનો તા.૦૪/૦૭/૨૦૨૩નો પત્ર ક્રમાંક: મવર/૪૭૧૬/નો.જો./મ-૮/૨૦૨૩ /૩૪૦૬

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્રથી સેવા જોડાણ અંગેની દરખાસ્ત અન્વયે કેમ્પનું આયોજન કરવા બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સંદર્ભે, નાણા વિભાગ દ્વારા સદર બાબતે તા. ૦૬/૧૧/૨૦૨૩ તથા તા. ૦૭/૧૧/૨૦૨૩ના રોજ કેમ્પનું આયોજન કરવા સહમતિ દર્શાવવામાં આવેલ છે. આથી કેમ્પમાં યોગ્ય સંકલનના અભાવે વહિવટી પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે આપની કચેરી હસ્તકના કર્મચારીઓની રજા અને પેન્શનના હેતુ માટે સેવા સળંગ કરવા અંગે કેમ્પનું આયોજન કરતાં પૂર્વે નીચે મુજબની વિગતો/સુચનાઓ ધ્યાને લઇ તે મુજબ કેમ્પનુ આયોજન થાય તે સુનિશ્ચિત કરી લેવાનુ રહેશે.

(૧) કર્મચારી/અધિકારીની હાલની સેવામાં અજમાયશી સમયગાળો પૂર્ણ થયાના હુકમ થયેલ ન હોય ,જે કર્મચારીની બે સેવા વચ્ચે તુટ હોય તેમજ કર્મચારીની એડહોક સેવાને સીધી ભરતીની સેવા સાથે જોડવાની હોય તેવા તમામ કેસમાં સા.વ.વિ.ની મંજુરી પણ જરૂરી હોઇ સદર કેમ્પમાં આ મુજબના કેસ તેમજ આવા કર્મચારીઓ અધિકારીઓ કેમ્પમાં ન આવે તે ધ્યાને લેવાનું રેહશે.

(૨) ફીક્સ પગારની સેવાઓ જોડવા બાબતે સરકારશ્રીમાં કોઇ નિયમો અમલમાં નથી. તે સંજોગોમાં આ મુજબની કોઇ દરખાસ્ત રજુ કરવાની રહેશે નહી.

(3) સરકારી સેવાઓ રજા અને પેન્શેનના હેતુસર જોડી શકાય છે. તેમજ પગારના હેતુસર સેવા જોડવાની બાબતે અત્રેના સેવા પ્રભાગ તેમજ તે અંગેના પાવર વિભાગના સચિવશ્રીને આપવામાં આવેલ છે. જે અત્રે પેન્શન પ્રભાગને સંબંધિત ન હોઇ પગારના હેતુસર સેવા જોડવા દરખાસ્ત કરવાની રહેશે નહી.

(૪) ગ્રાંટ ઇન એઇડ સંસ્થાઓની સેવાઓ માત્ર પેન્શનના હેતુસર જોડવાની થતી હોઇ માત્ર પેન્શનના હેતુસર જ સેવા જોડવા દરખાસ્ત કરવામાં આવે અને તે મુજબ ચેકલિસ્ટમાં જરૂરી અભિપ્રાય આપી દરખાસ્ત થાય તે જોવાનુ રહેશે.

(૫) તા.૧/૪/૨૦૦૫ પછી નિમણુંક પામેલ સરકારી કર્મચારીઓની સેવા માત્ર રજાના હેતુસર જોડી શકાય છે . આથી આવી દરખાસ્ત માત્ર રજાના હેતુસર જોડવા દરખાસ્ત કરવામાં આવે અને તે મુજબ ચેકલિસ્ટમાં જરૂરી અભિપ્રાય આપી દરખાસ્ત થાય તે જોવાનુ રહેશે.

(૬) તા.૧/૪/૨૦૦૫ પછી નિમણુંક પામેલ સરકારી કે ગ્રાંટ ઇન એઇડ સંસ્થાના કર્મચારીઓની સેવા પેન્શનના હેતુસર જોડવાની થતી નથી . વધુમાં, તા.૧/૪/૨૦૦૫ પછી નિમણુંક પામેલ ગ્રાંટ ઇન એઇડ સંસ્થાના કર્મચારીઓની સેવાઓ રજાના હેતુસર જોડવા સરકારશ્રીમાં કોઇ નિયમો અમલમાં ન હોઇ આવી દરખાસ્ત કે તે અન્વયેના કર્મચારી/અધિકારીએ કેમ્પમાં આવવાનુ રહેશે નહી.

(૭) સેવા જોડાણની દરખાસ્તમાં અત્રેના નિયત ચેકલિસ્ટમાં તમામ વિગતો ભરી રજા અને પેન્શન બાબતે સેવા જોડવા બાબતે યોગ્ય અભિપ્રાય આપી સંબંધિત સક્ષમ અધિકારીશ્રીના સહિ-સિક્કા સાથે ચેકલિસ્ટ પ્રમાણિત કરેલ હોવુ જોઇશે.

(૮) સેવા જોડાણના કેસમાં કર્મચારીની અસલ સેવાપોથી સાથે હોવી જરૂરી છે. જેથી કમિશનર શાળાઓની કચેરી સેવા જોડાણ અંગે વિભાગમાં દરખાસ્ત કરેલ હોય તેમજ તે વિભાગ ખાતે પડતર હોય તો તેવા કિસ્સામાં આવી દરખાસ્ત વિભાગે કમિશનર શાળાઓની કચેરીમાં પરત કરવાની રહેશે જેથી કેમ્પના દિવસે કર્મચારીની સેવાપોથી ઉપલબ્ધ થઇ શકે.

(૯) જે કર્મચારી/અધિકારીશ્રીની સેવા સળંગ કરવાની થતી હોય તેના નીચે મુજબના આધાર-પુરાવા રેડી રેફરન્સ માટે અસલ સેવાપોથી સાથે રજુ કરવાના રહેશે. તેમજ સદર આધાર-પુરાવા નીચે મુજબના કોષ્ટકમાં સંદર્ભદર્શન સાથે રજુ કરવાની રહેશે.

| વિગત | તારીખ અને હુકમ / રીમાર્કસ | પાના નંબર/ સેવાપોથી ફ્લેગ |
|---|---|---|
| પ્રથમ નિમણુક(હોદ્દો અને વર્ગ) : | | |
| પ્રથમ નિમણુકનો હુકમ | | |
| પ્રથમ નિમણૂક પર હાજર રીપોર્ટ અથવા સેવાપોથીમાં નોંધ | | |
| પ્રથમ સેવાનો અજમાયશી સમયગાળો પૂર્ણ | | |
| પ્રથમ સેવા તરફથી બીજી સેવા માટે મળેલ 'ના-વાંધા પ્રમાણપત્ર' અથવા ખાતા રાહે અરજી કરેલ હોય તેની વિગત | | |
| પ્રથમ સેવામાંથી ફરજમુક્ત અથવા ટેકનીકલ રાજીનામું | | |

Signature Not Verified
Signed by: Tushar L Patel
Under Secretary
Date: 2023.10.27
18:08:24 +05:30

| | | |
|---|---|---|
| બીજી નિમણુંક(હોદ્દો અને વર્ગ): | | |
| બીજી નિમણુંકનો હુકમ | | |
| બીજી નિમણૂક પર હાજર રીપોર્ટ અથવા સેવાપોથીમાં નોંધ | | |
| બીજી સેવાનો અજમાયશી સમયગાળો પૂર્ણ | | |
| બીજી સેવા તરફથી ત્રીજી સેવા માટે મળેલ 'ના-વાંધા પ્રમાણપત્ર' | | |
| બીજી સેવામાંથી ફરજમુક્ત અથવા ટેકનીકલ રાજીનામું | | |
| ત્રીજી નિમણુંક(હોદ્દો અને વર્ગ): | | |
| ત્રીજી નિમણુંકનો હુકમ | | |
| ત્રીજી નિમણૂક પર હાજર રીપોર્ટ અથવા સેવાપોથીમાં નોંધ | | |
| ત્રીજી સેવાનો અજમાયશી સમયગાળો પૂર્ણ | | |
| ત્રીજી સેવા તરફથી બીજી સેવા માટે મળેલ 'ના-વાંધા પ્રમાણપત્ર' | | |
| નાણાં વિભાગનુ ચેકલીસ્ટ | | |

કોઇ કર્મચારીના કિસ્સામાં ત્રણથી વધારે સેવાઓ જોડવાની હોય તો ચોથી પાંચમી... સેવા માટે ઉક્ત મુજબ કોષ્ટકમાં જરૂરી વધારો કરી તેના સેવાકીય હુકમ સાથે રજુ કરવાના રહેશે. ઉક્ત મુજબના હુકમ પૈકી કોઇ હુકમ ઉપલબ્ધ ન હોય તે સંજોગોમાં તે હુકમ નંબર સાથેની નોંધ સેવાપોથીમાં અચુક કરેલી હોવી જોઇશે. અન્યથા જે-તે કર્મચારીની સેવા સળંગ ગણવા અંગેની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિં.

આથી આપના દ્વારા ઉક્ત બાબતે નિયમોનુસારની કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે. તથા આ સાથે તમામ સેવા જોડાણની ફાઈલો આ સાથે આપશ્રીને ફિઝિકલી યોગ્ય કાર્યવાહી કરવા સારૂ પરત કરવામાં આવે છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(તુષાર પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

Signature Not Verified
Signed by: Tushar L Patel
Under Secretary
Date: 2023.10.27
18:08:24 +05:30

File No: ED/MIS/e-file/3/2023/3908/L - Services
Approved By: R C Desai(DS,L - Services,ED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*